# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/81 Dt. 25/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા સ્ટાર્ટઅપ્સ માટે 'આસ્ક મી એનિથિંગ' ઇન્ટરેક્ટિવ સેશન યોજાયું

## ટ્રેન્ડને ફોલો કરવા કરતાં ગ્રાહકની જરૂરિયાત અને વર્તનને ઓળખી પ્રોડક્ટમાં ઇનોવેશન લાવવું સફળ બિઝનેસની ચાવી: GlobalBeesના પૂર્વ CEO નીતિન અગરવાલ

## ફ્લિપકાર્ટ, એમેઝોન અને મીશો જેવી અગ્રણી ઇ-કોમર્સ કંપનીઓની સફળ કાર્યપ્રણાલી અને ગ્રોથ મોડેલ પર વિસ્તૃત ચર્ચા

## સ્ટાર્ટઅપ્સ અને યુવા ઉદ્યોગસાહસિકોને બિઝનેસ સ્કેલિંગ તથા કન્ઝ્યુમર બિહેવિયર અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પડાયું

સુરત, 25 ઓગસ્ટ 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા રવિવારે, તા. 23 ઓગસ્ટ 2026ના રોજ સરસાણા સ્થિત 'સંહતિ' ખાતે યુવા ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ માટે 'આસ્ક મી એનિથિંગ' ઇન્ટરેક્ટિવ સેશનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્રમાં યુનિકોર્ન કંપની GlobalBeesના પૂર્વ સીઈઓ અને સહ-સંસ્થાપક શ્રી નીતિન અગરવાલે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી સ્ટાર્ટઅપ શરૂ કરવા, બિઝનેસ સ્કેલ-અપ કરવા તેમજ ગ્રાહક વર્તણૂક અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

**ડૉ. આનંદ દેશપાંડે બાદ ફરી એકવાર યુવા સાહસિકોને સુવર્ણ અવસર મળ્યો: અશોક જીરાવાલા**

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પોતાના સંદેશામાં જણાવ્યું હતું કે, "સુરત અને દક્ષિણ ગુજરાતમાં સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ઇકોસિસ્ટમને મજબૂત કરવા ચેમ્બર સતત પ્રયાસરત છે. અગાઉ

ચેમ્બરના માધ્યમથી સુરતના ઉદ્યોગકારો અને યુવા સાહસિકોને પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સના ચેરમેન અને એમડી ડૉ. આનંદ દેશપાંડે સાથે સીધો સંવાદ સાધવાની અને આઇટી-ટેકનોલોજી ક્ષેત્રે બિઝનેસ ગ્રોથ અંગે માર્ગદર્શન મેળવવાની શ્રેષ્ઠ તક સાંપડી હતી. તે જ પરંપરાને આગળ ધપાવતાં આજે GlobalBees ના સહ-સંસ્થાપક શ્રી નીતિન અગરવાલ જેવા યુનિકોર્ન લીડર સાથે આ ઇન્ટરેક્ટિવ સેશન યોજાયું છે. આવા પ્રતિષ્ઠિત ઉદ્યોગકારો સાથેના સત્રો સુરતના સ્ટાર્ટઅપ્સને લોકલથી ગ્લોબલ લેવલ પર પહોંચાડવા માટે મહત્વનો પાયો પૂરો પાડે છે."

**ગ્રાહકને કેન્દ્રસ્થાને રાખીને સતત ઇનોવેશન જરૂરી: નીતિન અગરવાલ**

સ્ટાર્ટઅપ સંસ્થાપકોને માર્ગદર્શન આપતાં શ્રી નીતિન અગરવાલે જણાવ્યું હતું કે, "કોઇપણ વ્યવસાયમાં સફળતા મેળવવા માટે માત્ર માર્કેટ ટ્રેન્ડ પાછળ દોડવા કરતાં ગ્રાહકોની ચોક્કસ પસંદગી, જરૂરિયાત અને તેમના બદલાતા વર્તનને ઓળખવું સૌથી અગત્યનું છે. ગ્રાહકના ફીડબેકના આધારે સંસ્થાપક જ્યારે પોતાની પ્રોડકટમાં સમયસર ગુણાત્મક બદલાવ લાવે છે, ત્યારે જ બિઝનેસમાં સાચી વૃદ્ધિ (ગ્રોથ) શક્ય બને છે."

તેમણે ઉમેર્યું હતું કે, "આજના સ્પર્ધાત્મક યુગમાં ગ્રાહક પ્રોડકટમાં હંમેશાં કંઈક નવું અને ઇનોવેટિવ ઈચ્છે છે. તેથી દરેક સ્ટાર્ટઅપે ગ્રાહકને કેન્દ્રસ્થાને રાખીને જ કામ કરવું પડશે." આ પ્રસંગે તેમણે ફ્લિપકાર્ટ, એમેઝોન અને મીશો જેવી દેશ-વિદેશની ટોચની ઈ-કોમર્સ જાયન્ટ્સ કંપનીઓની સફળ કાર્યપ્રણાલી, સપ્લાય ચેન અને ડિજિટલ માર્કેટિંગ સ્ટ્રેટેજી વિશે છણાવટ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ શ્રી રવિ રાજ દેસાઇએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી પરેશ લાઠિયા, ગ્રૃપ ચેરમેન શ્રી મૃણાલ શુક્લ તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તાનો પરિચય વાર્મઅપ વેન્ચર્સના સંસ્થાપક અને મેનેજિંગ પાર્ટનર શ્રી શરદ બંસલે આપ્યો હતો, જ્યારે મોડરેટરનો પરિચય ચેમ્બરની સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન કમિટીના કો-ચેરપર્સન સુશ્રી સોનલ બિયાનીએ કરાવ્યો હતો. સમગ્ર સેશનનું સફળ સંચાલન ગ્રુપ ચેરમેન શ્રી પુનિત ગજેરાએ કર્યું હતું. આ સેશનમાં સુરતના અનેક યુવા સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ, રોકાણકારો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સેશનના અંતે યોજાયેલા ઓપન 'આસ્ક મી એનિથિંગ' રાઉન્ડમાં સુરતના યુવા ઉદ્યોગસાહસિકોએ બિઝનેસ ફંડિંગ, ઇન્વેસ્ટર પિચિંગ અને કસ્ટમર એક્વિઝિશન કોસ્ટ સહિતના વિવિધ મુદ્દે પૂછેલા વિવિધ પ્રશ્નોના શ્રી નીતિન અગરવાલે સરળ શૈલીમાં સચોટ જવાબો આપ્યા હતા.